# રક્ષાબંધનના દિવસે ખંડગ્રાસ ચંદ્રગ્રહણ: અવકાશી નજારો વિશ્વના દેશોમાં જોવા મળશે, ભારત દેશમાં નહિ દેખાય

## ચંદ્રગ્રહણ નરી આંખે જોઈ શકાશે, ચંદ્રની વિવિધ કળા લોકોને મંત્રમુગ્ધ કરશે: ચંદ્રનો ૯૦ ટકા આસપાસનો ભાગ પૃથ્વીના પડછાયાના કારણે ઢંકાઈ જશે

અમદાવાદ,તા.૨૫

વિશ્વના અમુક દેશો, પ્રદેશોમાં રક્ષાબંધન શુક્રવાર તા. ૨૮મી ઓગસ્ટે ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો બનવાનો છે. ભારતમાં આ ગ્રહણ બિલકુલ જોવા મળશે નહિ. ચંદ્રનો ૯૦ ટકા આસપાસનો ભાગ પૃથ્વીના પડછાયાના કારણે ઢંકાઈ જશે. આ નજારો અમેરિકા, યુરોપ અને આફ્રિકામાં અદભુત જોવા મળવાનો છે. અવકાશી નજારો જોવા માટે વૈજ્ઞાનિકોએ તૈયારી આરંભી દીધી છે. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી ગ્રહણ સંબંધી લોકોને વૈજ્ઞાનિક સમજ આપશે.

સંવત ૨૦૮૨ શ્રાવણ શુકલ પક્ષ પુનમને શુક્રવાર તા. ૨૮મી ઓગસ્ટ ૨૦૨૬ કુંભ રાશિ શતભિષા નક્ષત્રમાં થનારું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહિ જયારે ગ્રહણ પૂર્વીય પેસિફિક, અમેરિકા, યુરોપ અને આફ્રિકાનાં પ્રદેશોમાં જોવા મળશે.ભારતમાં ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૦૬ કલાક ૫૪ મિનિટ, ગ્રહણ મધ્ય: ૯ કલાક ૪૨ મિનિટ, ગ્રહણ મોક્ષ ૧૨ કલાક ૩૨ મિનિટ, ગ્રહણનું ગ્રાસમાન ૦.૯૩ જયારે ઉપછાયા ગ્રાસમાન ૧.૯૬૪૫ છે. ઉપછાયા ગ્રહણનો કુલ સમય ૦૫ કલાક ૩૭ મિનિટ ૫૧ સેકન્ડ જેમાં ગ્રહણનો કુલ સમય ૦૩ કલાક ૧૮ મિનિટ ૧૩ સેકન્ડ રહેશે. આ ગ્રહણ પૂર્વીય પેસિફિક, અમેરિકા, યુરોપ અને આફ્રિકાના પ્રદેશોમાં જોવા મળશે. આ ઉપરાંત હડસનબે, લેબ્રેડોર સમુદ્ર, ગ્રીનલેન્ડ સમુદ્ર, ઉતર એટલાન્ટીક સમુદ્ર, દક્ષિણ એટલાન્ટીક સમુદ્ર, વેડેલ સમુદ્ર, અમુન્ડસેન સમુદ્ર, રોઝ આઈસ સેલ્ફ અને એન્ટાર્કટીકા સર્કલમાં અદભુત જોવા મળવાનો છે.

જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે વર્ષ ૨૦૨૬નું આખરી ખંડગ્રાસ ચંદ્રગ્રહણ રક્ષાબંધન દિવસે બનવાનું છે. ભારતના લોકોને જોવામાં નિરાશા મળશે. અમેરિકા, યુરોપ, આફ્રિકાના પ્રદેશોમાં ચંદ્રનો ભાગ ૯૦ ટકા આસપાસ ઢંકાઈ જશે. ચંદ્રની વિવિધ કળા, મુદ્રા કંડારવા ખગોળપ્રેમીઓ થનગની રહ્યા છે. નરી આંખે જોઈ શકાશે. ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી થઈ શકશે. ભારતના લોકો ટી.વી. ઉપર આહલાદક અવકાશી નજારો જોઈ શકશે. પૃથ્વીનો મિત્ર ચંદ્ર માનવી માટે અનેક પ્રકારે લાભપ્રદ છે.

## તસવીર સમાચાર

### કેન્દ્રીય રાજયમંત્રી બાંભણીયાએ પીએનઆર સોસાયટીની લીધી શુભેચ્છા મુલાકાત



સાંસદ અને કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાએ તાજેતરમાં પીએનઆર સોસાયટી નટરાજ સંકુલમાં શુભેચ્છા મુલાકાત લીધી હતી. અન્ય કાર્યક્રમની વ્યસ્તતા વચ્ચે પણ તેઓએ સ્થાપક ટ્રસ્ટી બાબાભાઈ શાહ, સેક્રેટરી જનરલ પારસભાઈ શાહ, ખજાનચી હર્ષકાંતભાઈ રાખશીયા સાથે મુલાકાત કરી સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે સમગ્ર ટીમને શુભકામનાઓ પાઠવી હતી. તેમણે સંસ્થાના આગામી આયોજનો અંગે માહિતી મેળવી ભાવનગરની આ પ્રતિષ્ઠિત સંસ્થા માટે પોતાના તબક્કે જે પણ જરૂર પડે તે મદદ કરવાની તેમણે પ્રતિબદ્ધતા બતાવી હતી.

### જિલ્લા ભાજપ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ




ભાવનગર જિલ્લા ભાજપ અંતર્ગત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ વર્ગ પ્રારંભ વેળાએ પ્રદેશ મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણે કહ્યું કે, અંત્યોદય માટે છેવાડાના માનવી સુધી ભાજપ કાર્યકર્તાની ભૂમિકા મહત્વની છે.ભારતીય જનતા પક્ષ દ્વારા કાર્યકર્તાઓને જવાબદારી, સાંપ્રત સ્થિતિ અને ભાજપની ભૂમિકા સંદર્ભે ચિંતન સાથે પ્રશિક્ષિત કરવા હેતુ ભાવનગર જિલ્લાના કાર્યકર્તાઓ માટે જિલ્લા અધ્યક્ષ દિગ્વિજયસિંહ ગોહિલના નેતૃત્વ સાથે રાજેન્દ્ર વિદ્યાધામ સરોડમાં પ્રશિક્ષણ વર્ગ પ્રારંભ થયેલ છે.

### રોટરી રોયલ આયોજિત સિનિયર સિટિઝન્સ યુગલ ગીત સ્પર્ધામાં ત્રિવેદી દંપતી ઝળક્યું



ભાવનગર,તા.૨૫

ભાવનગર શહેરમાં સૌપ્રથમવાર રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા વરિષ્ઠ નાગરિકોની પ્રતિભાને મંચ આપવાના ઉદ્દેશ્યથી 'સિનિયર સિટિઝન્સ વિવિધ સ્પર્ધા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના સિંગિંગ (ગાયન) વિભાગમાં ઉત્સાહપૂર્વક ૪૧ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.આ સૂરીલી સ્પર્ધામાં બી. એમ. કોમર્સ હાઈસ્કૂલ, ભાવનગરના પૂર્વ પ્રિન્સિપાલ પરેશભાઈ ત્રિવેદી અને જીજ્ઞાબેન ત્રિવેદીના યુગલે પોતાના મધુર અવાજમાં "યે પરદા હટા દો" ગીત રજૂ કરીને શ્રોતાઓ અને નિર્ણાયકોના દિલ જીતી લીધા હતા. આ યુગલ ગીતે સ્પર્ધામાં તૃતીય ક્રમાંક હાસિલ કર્યો હતો. વિજેતા દંપતીને યાદગાર શીલ્ડ તથા ૧,૧૦૦નો રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ભાવનગરમાં હોમિયોપેથિક ગ્રેજ્યુએશન સેરેમનીમાં ઝીલ મુંજપરાનું સન્માન



સ્વામી વિવેકાનંદ હોમિયોપેથિક મેડિકલ કોલેજ, ભાવનગરની બેચ ૨૦૨૦-૨૬ માટે યોજાયેલા ગ્રેજ્યુએશન સેરેમની 'ગૌરવમ'માં હોમિયોપેથી તબીબી શિક્ષણ પૂર્ણ કરનાર ઝીલ શરદભાઈ મુંજપરાને કુલપતિના હસ્તે સર્ટીફિકેટ એનાયત કરાયું હતું. આ સિદ્ધિ બદલ ઝીલ મુંજપરાએ સમસ્ત શ્રીમાળી સોની સમાજનું ગૌરવ વધાર્યું છે. યશસ્વી સિદ્ધિ બદલ શ્રીમાળી સોની મુંજપરા પરિવારના ટ્રસ્ટીમંડળ દ્વારા આગામી પાટોત્સવ પ્રસંગે તેમનું સન્માન કરવામાં આવશે.

# રૂવા પીએમ આવાસમાં મનપાનું સરપ્રાઈઝ ચેકિંગ, ૧૫ મકાનો ભાડે આપ્યાનું ખુલ્યું

## નિયમભંગ કરનાર લાભાર્થીઓને અંતિમ નોટિસ બાદ મકાન સીલ કરાશે; દંડની રકમ વધારી ૧ લાખ કરવાનો અને આવાસ રદ કરવાનો નિર્ણય વિચારણા હેઠળ

ભાવનગર,તા.૨૫

ભાવનગર મહાપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા પીએમ આવાસ યોજના હેઠળ રૂવા ખાતે આવેલ એફ.પી.૨૮ નાં ૧૦૮૮ આવાસો પૈકી બ્લોક-ઊ ના ૬૪ આવાસોમાં અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન ૧૫ આવાસોમાં મૂળ લાભાર્થીના સ્થાને અન્ય લોકો ગેરકાયદેસર રીતે રહેતા હોવાનું સામે આવ્યું છે. ચેકિંગમાં ૨૫ મૂળ લાભાર્થીઓ રહેતા મળ્યા હતા, જયારે ૨૧ બિન-રહેણાંક અને ૩ આવાસો મહાનગરપાલિકા હસ્તક હોવાનું માલૂમ પડ્યું હતું.

અન્ય આસામીઓને મકાન ભાડે આપનાર ૧૫ લાભાર્થીઓને મનપા દ્વારા અંતિમ નોટિસ આપી મકાન ખાલી કરવા સૂચના અપાશે. જો મુદત પૂર્ણ થયા બાદ પણ સુધારો નહીં થાય તો તે આવાસોને તુરંત સીલ કરવામાં આવશે.

પીએમજેએવાય ઘટકના કાર્યપાલક ઈજનેરના જણાવ્યા મુજબ, હાલમાં આવા કિસ્સામાં રૂ. ૩૦,૦૦૦ સુધીના દંડની જોગવાઈ છે. જોકે, ગેરરીતિ અટકાવવા માટે આગામી સમયમાં દંડની રકમ વધારીને રૂ. ૧ લાખ કરવા તેમજ મકાનની ફાળવણી જ રદ કરી દેવાની કડક નીતિ અમલમાં મૂકવા વિચારણા ચાલી રહી છે.

# સિહોરમાં ફોર્ચ્યુનર કારચાલક અને સાગરીતોનો રિક્ષાચાલક પર હુમલો

## ગાળો બોલવાની ના પાડતાં જ મથુરભાઈ સાટિયા પર ઢોરમાર મારી ખટારો ચડાવી દેવા ધમકી

ભાવનગર,તા.૨૫

સિહોર તાલુકાના ઘાંઘળી ગામે રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા મથુરભાઈ બેચરભાઈ સાટિયા પોતાની રિક્ષા GJ-04-AU-6019 લઈને નેસડા ફાટકથી વડલા ચોક પેસેન્જર ભરવા જઈ રહ્યા હતા. તે વેળાએ સિહોર તરફથી ફોર્ચ્યુનર કાર GJ-04-EA-8334 લઈને આવેલા લાલાભાઈ ભનુભાઈ હુંબલે (રહે. સિહોર, મૂળ નેસડા) તેમને અટકાવી અચાનક ગાળો આપવાનું શરૂ કર્યું હતું.

મથુરભાઈએ ગાળો દેવાની ના પાડતાં જ ઉશ્કેરાયેલા લાલાભાઈએ તેમને રિક્ષામાંથી નીચે ખેંચી બે-ત્રણ લાફા મારી દીધા હતા. આ સાથે જ અન્ય બે અજાણ્યા શખ્સોએ આવી મથુરભાઈને પકડી રાખી ઢીકાપાટુનો ઢોરમાર માર્યો હતો. ઘટનાસ્થળે લોકોનું ટોળું એકઠું થઈ જતાં હુમલાખોરો ભાગી છૂટ્યા હતા. જતાં-જતાં લાલાભાઈએ "હવે સિહોરમાં રિક્ષા લઈને આવીશ તો ખટારો ચડાવી જાનથી મારી નાખીશ" તેવી ગંભીર ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત રિક્ષાચાલકે સરકારી હોસ્પિટલમાં સારવાર મેળવી સિહોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં નિટ પરીક્ષા સંદર્ભે જાહેરનામું: પરીક્ષા કેન્દ્રો આસપાસ પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરાયા

## કેન્દ્રોની ૧૦૦ થી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ, સ્પીકર અને ચારથી વધુ લોકોના એકઠા થવા પર રોક: ભંગ કરનાર સામે કડક કાનૂની કાર્યવાહી

ભાવનગર,તા.૨૪

ભાવનગર શહેરમાં National Board Examination in Medical Sciences (NBEMS) દ્વારા આગામી તા. ૩૦/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦થી બપોરે ૧૨:૩૦ કલાક દરમિયાન બે પરીક્ષા કેન્દ્રો ખાતે NEET(PG)-૨૦૨૬ની પરીક્ષા યોજાનાર છે. પરીક્ષાર્થીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને કાયદો-વ્યવસ્થા જળવાય રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી. ગોવાણીએ પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડ્યું છે.

જાહેરનામા મુજબ, પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ, ફેક્સ અને સ્કેનર મશીન પર તથા ૨૦૦ મીટરની ત્રિજ્યામાં લાઉડ સ્પીકર અને ચાર કે તેથી વધુ વ્યક્તિઓ એકઠા થવા પર પ્રતિબંધ રહેશે. કેન્દ્રમાં મોબાઈલ કે ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જવા અને અનધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર મનાઈ ફરમાવાઈ છે.

આ નિયમો નવા જાહેર થનારા કેન્દ્રોને પણ લાગુ પડશે. જોકે, અધિકૃત સ્ટાફ અને સોંપાયેલી ફરજ વાળા કર્મચારીઓને અમુક પ્રતિબંધોમાંથી મુક્તિ અપાઈ છે. જાહેરનામાના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### એમ.જે. કોલેજ ઓફ કોમર્સ ખાતે ધારાસભ્ય સેજલબેન પંડ્યાના હસ્તે વૃક્ષારોપણ




એમ. જે. કોલેજ ઓફ કોમર્સ, ભાવનગરના NSS વિભાગ દ્વારા કોલેજ કેમ્પસ ખાતે "વૃક્ષારોપણ કાર્યક્રમ-૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ કેળવવા, વૃક્ષોના મહત્વને સમજાવવા તથા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો. કાર્યક્રમમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ભરતભાઈ રામાનુજ કાર્યક્રમ અધ્યક્ષ તરીકે સેજલબેન રાજીવભાઈ પંડ્યા ધારાસભ્ય ભાવનગર મુખ્ય મહેમાન રહેલ. આ પ્રસંગે કોલેજ કેમ્પસમાં વિવિધ વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. NSS યુનિટના વિદ્યાર્થીઓ જેનીલ મહેતા, કેવલ જોશી, હર્ષ સોલંકી, દેવ ગઢીયા, કાર્તિક દેસાઈ સહિત ૩૦ કરતાં વધુ NSS સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્વયંસેવકોએ વાવેલા છોડની નિયમિત સંભાળ અને જાળવણી કરવાનો સંકલ્પ કર્યો હતો.

# લઠ્ઠાકાંડના ઘેરા પ્રત્યાઘાત: સિહોરમાં કોંગ્રેસ દ્વારા ઉગ્ર ધરણાં અને ચક્કાજામ

## રસ્તારોકો આંદોલન બાદ પોલીસે હોદ્દેદારોની અટકાયત કરી; ભાજપ સરકાર સામે આક્રોશ વ્યક્ત કરાયો

ભાવનગર,તા.૨૫

ભાવનગર જિલ્લામાં બનેલા ડુપ્લીકેટ દારૂના લઠ્ઠાકાંડના વિરોધમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખની ખાસ ઉપસ્થિતિમાં સિહોર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વડલા ચોક ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

સિહોર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ વી. મકવાણા (મામસી), મહામંત્રી તેમજ નગરપાલિકાના હોદ્દેદારોએ વડલા ચોક ખાતે મંડપ નાખી ધરણા કર્યા હતા અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ કાર્યકરોએ ભાવનગર-રાજકોટ હાઈવે પર ચક્કાજામ કરી રસ્તારોકો આંદોલન કરતાં વાહન વ્યવહાર થંભી ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ પોલીસે વિરોધ દર્શાવતા કોંગ્રેસના હોદ્દેદારોની અટકાયત કરી પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી, જ્યાં બાદમાં તમામને મુક્ત કરાયા હતા. આ તકે કોંગ્રેસે સરકાર દારૂનું દૂષણ ડામવામાં નિષ્ફળ ગઈ હોવાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# શ્વાનને ખોરાક આપવા મુદ્દે મહિલા પર દંપતીનો હુમલો

ભાવનગર,તા.૨૫

ભાવનગરના એલઆઈજી શાસ્ત્રીનગર વિસ્તારમાં રહેતા દેવ્યાનીબા જાડેજા સવારે પોતાના એક્ટિવા પર શેરીના શ્વાનને બિસ્કિટ અને દૂધ આપવા ગયા હતા. તે વેળાએ સ્થાનિક રહેવાસી દિપકેશ શર્મા અને તેમની પત્નીએ બહાર આવી શ્વાનને ખોરાક આપવાની મનાઈ કરી બોલાચાલી શરૂ કરી હતી.ઝઘડા દરમિયાન ઉશ્કેરાયેલા દિપકેશે મહિલાને ગાલ પર લાફો મારી દીધો હતો, જેના બચાવમાં મહિલાએ હાથમાં રહેલા ચમચા વડે પ્રતિકાર કર્યો હતો. ત્યારબાદ દંપતીએ ગાળો આપી "હવે પછી શ્વાનને ખવડાવવા આવશો તો જાનથી મારી નાખીશું" તેવી ધમકી આપી ફરાર થઈ ગયા હતા.પીડિત મહિલા શરીરથી ફિટ ન હોવા છતાં તેમની સાથે ગેરવર્તણૂક કરવામાં આવી હતી. આ અંગે દેવયાનીબાએ નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. નોંધનીય છે કે, શહેરમાં જીવદયાપ્રેમીઓ સાથે ગેરવર્તનના બનાવો વધી રહ્યા છે.

# ગોઘા ઈંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિ હાથ ધરાઈ

ભાવનગર,તા.૨૫

ગુજરાતના ૬,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ૧,૮૦,૦૦૦થી વધુ પર્યાવરણીય પ્રવૃત્તિઓ કરવા માટેની એક રાજયવ્યાપી અનોખી અને સરાહનીય પહેલ હાથ ધરવામાં આવી હતી. આ પર્યાવરણ જાગૃતિ અભિયાનમાં ઘોઘા તાલુકાની ગોઘા ઈંગ્લિશ સ્કૂલના ૧૩૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શાળાના વિદ્યાર્થીઓએ પાણી બચાવો ઝુંબેશ, વૃક્ષારોપણ કાર્યક્રમ , પ્રાકૃતિક સ્થળોની મુલાકાત, સ્વચ્છતાની જાળવણી,પ્લાસ્ટિક મુક્ત પરિસર અને ઉર્જા બચત જેવી વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડાઈને સુંદર કામગીરી કરી હતી. બાળકોની આ ઉત્કૃષ્ટ સક્રિયતા અને પર્યાવરણ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવવા માટે દરેક ભાગ લેનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર (સર્ટિફિકેટ) અને સ્પેશિયલ બેજ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.શાળાના આચાર્ય સંજયસિંહ ગોહિલ અને શાળાના શિક્ષકા ડૉ.માનસીબેન હિતેન્દ્રભાઈ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિ માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપી ભવિષ્યમાં પણ આવી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ જોડાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

### બુધસભામાં ડો. રઈશ મણિયારના માર્ગદર્શન હેઠળ ગઝલ લેખન શિબિર યોજાઈ

ગુજરાત સાહિત્ય અકાદમી અને શિશુવિહાર બુધસભાના સંયુક્ત ઉપક્રમે ભાવનગરના આંગણે રવિવાર, ૨૩ ઓગસ્ટે દિવસીય 'ગઝલ લેખન શિબિર'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯:૩૦ થી સાંજે ૫ સુધી ચાલેલી આ શિબિરમાં પ્રખ્યાત ગઝલકાર ડો. રઈશ મણિયારે સાહિત્યપ્રેમીઓને ગઝલના છંદ, મીટર અને લેખનની બારીકીઓ વિશે વિશેષ તાલીમ આપી હતી.ડો. માનસીબેન ત્રિવેદીના કુશળ સંચાલનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૩૦થી વધુ સાહિત્યરસિકોએ ભાગ લીધો હતો. આ તાલીમમાં ૧૦થી વધુ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા, જે નવોદિત કવિઓ માટે ખૂબ જ ઉપકારક સાબિત થઈ હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# ભાવનગરમાં રાજમાર્ગો પર કાલે ઈદે મિલાદુન્નબીનું શાનદાર ઝુલુસ નીકળશે

## મુખ્ય માર્ગો પરથી પસાર થઈ શેલારશા ચોકમાં ઝુલુસ સંપન્ન થશે

ભાવનગર,તા.૨૫

ઈસ્લામ ધર્મના મહાન પયગંબર હઝરત મુહંમદ સાહેબ (સ.અ.વ.)ના જન્મદિન ઈદે મિલાદુન્નબીની તા. ૨૬ ને બુધવારે ભાવનગર શહેર અને જિલ્લામાં મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ અવસરે ભાવનગરમાં ડીજે વગર સંપૂર્ણ શાનદાર અને પરંપરાગત રીત-રિવાજ મુજબ વિશાળ ઝુલુસ યોજાશે.

આ ઝુલુસ તા. ૨૬મીએ સવારે ૮:૩૦ કલાકે શહેરના ચાવડીગેટ, બાપુની વાડીએથી પ્રસ્થાન કરશે. જેને કલેક્ટર, ડી.એસ.પી., મ્યુનિસિપલ કમિશનર, મેયર, ડેપ્યુટી મેયર અને ડીવાય.એસ.પી. સહિતના મહાનુભાવો લીલી ઝંડી બતાવી રવાના કરાવશે.

આ સરઘસ ઈમામવાડા, અલકા ટોકીઝ, મતવા ચોક, શેલારશા ચોક, આંબાચોક, જુમ્મા મસ્જિદ, હેરિસ રોડ, વોરા બજાર, બાર્ટન લાયબ્રેરી ચોક, હલુરીયા ચોક, હાઈકોર્ટ રોડ, ઘોઘાગેટ ચોક, ગંગાજળીયા તળાવ, વોશિંગઘાટ અને દરબારી કોઠાર થઈને બપોરે ૩ કલાકે શેલારશા ચોક ખાતે સંપન્ન થશે.

સરઘસમાં ટ્રકો, રિક્ષાઓ, ઘોડેસવારો, ઊંટગાડી, બગી, ઘોડાગાડી અને ટ્રેક્ટરો જોડાશે. મિલાદ પાર્ટીઓ તથા યુવક મંડળો પરંપરાગત પોશાકમાં જોડાશે. રસ્તામાં સામાજિક-ધાર્મિક સંસ્થાઓ દ્વારા શરબત, ઠંડા પાણી અને ન્યાઝનું વિતરણ કરાશે. ઝુલુસમાં જોડાનારા તમામ વાહનચાલકોએ લાઈસન્સ અને વિગતોની ઝેરોક્ષ સંસ્થાની ઓફિસે જમા કરાવવાની રહેશે.

# શાળા કોલેજના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની ચુકવણી લાંબા સમયથી અધ્ધરતાલ: રોષ

ભાવનગર,તા.૨૫

ગુજરાત રાજયની વિવિધ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળવાપાત્ર વિવિધ શિષ્યવૃત્તિઓની બાકી રકમ તાત્કાલિક ધોરણે ચૂકવવા અને અટકેલી અરજીઓનો ઝડપી નિકાલ કરવા અંગે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.



પેન્ડિંગ અરજીઓનો સમયબદ્ધ નિકાલ લાવી બાકી શિષ્યવૃત્તિ તાત્કાલિક ચૂકવવા કલેક્ટરને એબીવીપી દ્વારા પાઠવાયું આવેદન

SC, ST, SEBC, EWS સહિતના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન અરજીઓ કરવામાં આવી હોવા છતાં શિક્ષણ વિભાગ અંતર્ગત આવતી MYSY, CMSS તેમજ આદિજાતિ અને સમાજ કલ્યાણ વિભાગની પ્રિ-મેટ્રિક તથા પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિની રકમ લાંબા સમયથી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા થઈ નથી. અનેક કિસ્સાઓમાં અરજીઓ વેરિફિકેશન, મંજૂરી કે ચુકવણીના સ્તરે અટકેલી છે. બેંક, DBT, Aadhaar/NPC તથા ટેકનિકલ કે વહીવટી કારણોસર ચુકવણી અટકવાના કારણે આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ અને વાલીઓ પર ફી, હોસ્ટેલ ખર્ચ તથા પુસ્તકોના ખર્ચનું ભારે આર્થિક ભારણ વધી ગયું છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને રાખી બાકી રહેલી શિષ્યવૃત્તિ તાત્કાલિક જમા કરાવવા માટે રાજય સ્તરે વિશેષ કાર્યવાહી કરવાની કડક માંગણી કરવામાં આવી છે.

# મહુવામાં મોંઘવારીથી ત્રસ્ત રત્નકલાકારો મજૂરી વધારાની માંગ સાથે રસ્તા પર ઉતર્યા

## રજૂઆત છતાં ઉકેલ ન આવતાં ડાયમંડનગર અને યાર્ડ પાસે રત્નાકલાકારો રસ્તા પર ઉતર્યા; પોલીસે ભીડ વિખેરી

ભાવનગર,તા.૨૫

મહુવામાં સતત વધતી જતી મોંઘવારી સામે હીરાના કામનું યોગ્ય મહેનતાણું ન મળતાં રત્નકલાકારોની સ્થિતિ દયાજનક બની છે. મોંઘવારીને અનુરુપ હીરા ઘસવાની મજૂરીના ભાવમાં વધારો કરવાની માંગ સાથે સાત દિવસ પૂર્વે મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. છતાં કોઈ હકારાત્મક નિર્ણય ન આવતાં રત્નકલાકારોની ધીરજ ખૂંટી હતી અને હજારો કારીગરો કામથી અળગા રહી હડતાલ પર ઉતરી ગયા હતા.

સોમવારે સવારે ઉઘડતી બજારે જ ડાયમંડનગર અને માર્કેટીગ યાર્ડ પાસે હજારોની સંખ્યામાં રત્નકલાકારો એકઠા થઈ ગયા હતા અને પોતાના હક્કની માંગણીઓ સાથે ભારે સૂત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવ્યો હતો.રત્નકલાકારોનું કહેવું છે કે, આવકના સ્રોત મર્યાદિત છે અને સામે ખર્ચાઓ વધતા પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. તેથી મહેનત પ્રમાણે યોગ્ય મજૂરી આપવી જરૂરી છે. આ વિરોધ પ્રદર્શનને પગલે પોલીસે ત્વરિત સ્થળ પર દોડી જઈ પરિસ્થિતિ કાબૂમાં લેવા ભીડને વિખેરવાની કામગીરી કરી હતી. હવે રત્નકલાકારોની આ વ્યાજબી માંગણી સામે સ્થાનિક તંત્ર અને હીરા વ્યવસાયકારો શું નિર્ણય લે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

# ગાયો ચરાવવાના મુદ્દે લોહિયાળ હુમલો કરનાર ૭ શખ્સો ઝડપાયા

ભાવનગરના વાઘાવાડી રોડ પર પૂજારા ગ્રાઉન્ડ ખાતે ગાયો ચરાવવાના પ્રશ્ને થયેલી અદાવતમાં સુરેશભાઈ ભગવાનભાઈ સાટીયા પર ૭ શખ્સોએ હુમલો કર્યો હતો. અગાઉ ગાયો ચરાવવા ન આવવાની ધમકી આપી હોવા છતાં ફરિયાદી ત્યાં જતાં, ૧૯ ઓગસ્ટના રોજ રામમંત્ર મંદિર પાસે આરોપીઓએ ગાળો આપી ઢોરમાર માર્યો હતો.આ હુમલામાં હથિયારો વડે ગંભીર ઈજાઓ પહોંચાડાતાં સુરેશભાઈના માથાના ભાગે ૭ ટાંકા આવ્યા હતા. આ



તસવીર : ધવલ વાજા

મામલે નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે સંદીપ બાબરીયા, ગોપાલ બાબરીયા, વિશાલ બાબરીયા, દિપક બાબરીયા, કિશન બાબરીયા, અમીત બાબરીયા અને મુના બાબરીયા સામે ગુનો નોંધી તમામ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

# ઘેટાં-બકરાં ચરાવવાના મુદ્દે થયેલા ઝઘડામાં આરોપીને સજા ફટકારાઈ

## મહુવા કોર્ટે દંડ અને શરતી પ્રોબેશન પર આરોપીને મુક્ત કરવાનો આદેશ કર્યો

ભાવનગર,તા.૨૫

મહુવા તાલુકાના હરિપરા પ્લોટ વિસ્તારમાં ૫ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ વાડીમાંથી ઘેટાં-બકરાં પસાર કરવાના મુદ્દે હિંસક ઝઘડો થયો હતો. ફરિયાદી ગભાભાઈ ગમારા અને તેમના ભાઈ જોધાભાઈ પર ભગાભાઈ બાવાભાઈ ગમારા અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે કુહાડી તથા લાકડી વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ અંગે મહુવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ તપાસ હાથ ધરાઈ હતી.

કેસમાં ૨૬ મૌખિક અને ૪૩ લેખિત પુરાવા તેમજ સરકારી વકીલ કમલેશ એચ. કેસરીની દલીલો ધ્યાને લઈ ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ અતુલકુમાર એસ. પાટીલની અદાલતે આરોપી ભગાભાઈને IPC કલમ ૩૨૩ અને ૩૨૪ હેઠળ તકસીરવાર ઠેરવ્યો હતો.

અદાલતે આરોપીને રૂ. ૧૦,૦૦૦ના ત્રણ વર્ષના સારી ચાલચલગતના જામીન-મુચરકા તથા બંને ઈજાગ્રસ્તોને રૂ. ૩,૦૦૦-૩,૦૦૦ વળતર ચૂકવવાની શરતે પ્રોબેશન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો.

# તળાજાના દકાના ગામે જમીનમાં દાટેલો દારૂનો જથ્થો એલસીબીએ ઝડપી લીધો

## મંદિરની પાછળ બાવળની કાંટમાં, જમીનમાં દાટેલી ૩૪૮ બોટલ જપ્ત, આરોપી ફરાર

ભાવનગર,તા.૨૫

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે તળાજા તાલુકાના દકાના ગામે મંદિરની પાછળ રેડ કરીને બાવળની કાતમાં અને જમીનમાં દાટેલો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. જોકે આરોપી મળી આવ્યો ન હતો આ અંગે તળાજા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ તળાજા ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે દકાના ગામના પુનાભાઈ મનાભાઈ મકવાણાએ ગેલઅંબે માતાજીના મંદિર પાછળ વેણકામાં બાવળની કાંટમાં અને જમીનમાં દાટીને ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે અને તેનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે પંચોને સાથે રાખી પોલીસ ટીમ દ્વારા સ્થળ પર રેડ કરવામાં આવી હતી. રેડ દરમિયાન આરોપી હાજર મળી આવ્યો ન હતો, પરંતુ સ્થળ પરથી પ્લાસ્ટિકના કોથળા તથા જમીનમાં દાટેલી હાલતમાં રાજસ્થાન વેચાણ અર્થેની ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી ગ્લોબલ સ્પિરિટ વ્હીસ્કી: ૧૮૦ એમએલની કંપની સીલપેક બોટલ નંગ ૨૭૪ (કિંમત રૂ. ૨૪,૬૬૦)., રોયલ ચેલેન્જ વ્હીસ્કી: ૧૮૦એમ?લની કંપની સીલપેક બોટલ નંગ ૭૧ (કિંમત રૂ. ૧૨,૭૮૦). તથા મેજિક મોમેન્ટ્સ: ૧૮૦એમ??ની કંપની સીલપેક બોટલ નંગ ૦૩ (કિંમત રૂ. ૫૭૦) જપ્ત કરી હતી બનાવ અંગે નાસતા-ફરતા આરોપી પુનાભાઈ મનાભાઈ મકવાણા સામે તળાજા પોલીસે પ્રોહીબિશન કલમ ૬૫(એ)(ઈ) અને ૧૧૬(બી) હેઠળ ગુનો નોંધી કાયદેસરની આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ચક્ષુદાન, દેહદાન અને અંગદાન જાગૃતિ પખવાડિયુ ઉજવાશે : ૫૦થી વધુ કાર્યક્રમો યોજાશે

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે મહાઅભિયાન; રક્ષાબંધનથી ગણેશોત્સવ સુધી જનજાગૃતિ ફેલાવાશે

ભાવનગર,તા.૨૫

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૨૫ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર દરમિયાન 'ચક્ષુદાન જનજાગૃતિ પખવાડિયું' ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર અને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી તથા આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે આ વર્ષે ભાવનગર શહેર અને જિલ્લાભરમાં ચક્ષુદાન, દેહદાન અને અંગદાન માટેનું વ્યાપક જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે.

આ મહાઅભિયાન અંતર્ગત વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી ૫૦થી વધુ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં જાહેર સ્થળોએ સંકલ્પપત્રો ભરાવવા, માહિતીસભર પ્રદર્શનો, વિષયનિષ્ણાતોના વ્યાખ્યાનો, જાગૃતિ રેલી, પત્રિકા વિતરણ, ચિત્ર અને સુલેખન સ્પર્ધા, તથા રક્તદાન શિબિર જેવા આયોજનો સમાવિષ્ટ છે. આ ઉપરાંત ગણેશોત્સવ જેવા ધાર્મિક તહેવારો દરમિયાન પણ પંડાળોમાં વિશેષ પ્રચાર-પ્રસારીત કરવામાં આવશે. જે લોકોએ અંગ પ્રત્યારોપણ કરાવ્યું છે તેવા લાભાર્થીઓ દ્વારા લોકોને આ મહાદાન માટે અપીલ કરાવવામાં આવશે.ભાવનગર રેડક્રોસ સોસાયટી દ્વારા રાજ્યભરમાં દેહદાન અને ચક્ષુદાન માટે પ્રશંસનીય કામગીરી થઈ રહી છે. બ્રેનડેડ વ્યક્તિના અંગદાન દ્વારા અનેક નિરાધાર દર્દીઓને નવજીવન આપી શકાય છે.રેડક્રોસ ભાવનગર ખાતે ૨૪ કલાક ચક્ષુદાન, દેહદાન, અંગદાન અને રક્તદાનની સેવાઓ ઉપલબ્ધ છે. સંકલ્પપત્રો ભરવા કે કાર્યક્રમોના આયોજન માટે રેડક્રોસ ભવન, દીવાનપરા રોડ, ભાવનગર (ફોન: ૦૨૭૮-૨૪૨૪૭૬૧ / ૨૪૩૦૭૦૦, મો. ૯૪૨૯૪૦૬૨૦૨) પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સિહોરમાં ૩ દિવસ સુધી ગુંજશે ભક્તિ અને લોકસંસ્કૃતિનો રંગ

## તા.૧ થી ૩ સપ્ટેમ્બર ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત લોકડાયરો, શિવ આરાધના અને ધર્મસભાનું આયોજન

સિહોર,તા.૨૫

સિહોર રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર તેમજ સિહોર નગરપાલિકાના સંયુક્ત આયોજન હેઠળ સિહોર શહેરમાં ભવ્ય સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ અંતર્ગત ૧ સપ્ટેમ્બરથી ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

કાર્યક્રમની શરૂઆત ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રાત્રે ૯:૦૦ કલાકે ક્રિકેટ ગ્રાઉન્ડ, સિહોર ખાતે ભવ્ય શિવ આરાધનાથી થશે. આ પ્રસંગે જયકરભાઈ ભોજક દ્વારા શિવ આરાધનાનો કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.ત્યારબાદ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ રાત્રે ૯:૦૦ કલાકે ક્રિકેટ ગ્રાઉન્ડ, સિહોર ખાતે 'રંગ કસુંબલ લોકડાયરો' યોજાશે. લોકડાયરામાં પ્રસિદ્ધ લોકસાહિત્યકાર રાજભા ગઢવી, ભજનિક મયુરભાઈ દવે અને ભજનિક ઉર્વિશભાઈ રાદડિયા પોતાની કલાની પ્રસ્તુતિ કરશે.૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૨:૦૦ કલાકે મુક્તેશ્વર મહાદેવ, સિહોર ખાતે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ બપોરે ૩:૦૦ કલાકે નવનાથ યાત્રાનો પ્રારંભ કરવામાં આવશે.

આ તમામ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં નગરજનો તથા ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવે તે માટે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર એવમ? સિહોર નગરપાલિકા વતી ચીફ ઓફિસર વિશાલભાઈ શુક્લા તેમજ પ્રમુખ જાગૃતિબેન ચતુરભાઈ રાઠોડ સહિત પાલિકા કચેરી દ્વારા અનુરોધ કરાયો છે.

# સિહોરમાં વ્યાસ પરીવાર દ્વારા તૃતીય ચક્ષુદાન

સિહોર,તા.૨૫



સિહોર ખાતે સ્વ.ભારતીબેન કિશોરભાઈ વ્યાસ (ઉ.વ.૬૩)નો સ્વર્ગવાસ થતા તેમના પુત્રો ચેતનભાઈ તથા મયુરભાઈ દ્વારા સદ્ગતની અંતિમ ઈચ્છાને માન આપીને ચક્ષુદાન કરવાનો નિર્ણય લઈને સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડયું હતું.

આ તબક્કે તેમના ભત્રીજા કૌશિકભાઈ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સિહોરને જાણ કરતા ડો.પ્રશાંત બી.આસ્તિક દ્વારા આ ૫૯ માં ચક્ષુદાનનો સ્વીકાર કરીને ભાવનગર ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી મોકલી આપેલ. અગાઉ પણ વ્યાસ પરિવારમાં હિતેષભાઈ વ્યાસ તથા કૌશિકભાઈ (પત્રકાર)ના પિતાજીનું પણ ચક્ષુદાન કરવામાં આવેલ તેમ વ્યાસ પરિવાર (ચિત્રા વાવ) હાલ સિહોર દ્વારા આ દ્વિતીય ચક્ષુદાન કરવામાં આવેલ.

# શ્રાવણ માસમાં કાશી વિશ્વનાથ મંદિર ખાતે રુદ્રી તથા દીપમાળા

ભાવનગર તા.૨૫

ભાવનગર શહેરમાં શ્રી કાશી વિશ્વનાથ મંદિર રૂખડા મહાદેવ નવાપરા ડી.એસ.પી ઓફિસ ની પાસે આવેલ ત્યાં પવિત્ર શ્રાવણ માસમાં જે ભક્તજનોને રૂદ્રી અને દીપમાળા કરવવા માંગતા દરેક ભક્તજનો સમીર પાઠક મો.૯૯૭૯૮૬૯૪૮૪ અથવા મિતેષભાઈ દવે મો.૯૯૯૮૮૫૬૫૬૯નો સંપર્ક કરવો.

# ભાવનગર માર્કેટયાર્ડમાં રક્ષાબંધનના પર્વે હરાજી બંધ રહેશે

ભાવનગર,તા.૨૫

ભાવનગર માર્કેટયાર્ડમાં આવતી તા.૨૮-૮ને શુક્રવારના રોજ રક્ષાબંધન નાળીયેરી પુનમના ધાર્મિક તહેવાર નિમિત્તે અનાજ-કઠોળ, તેલીબીયાની જાહેર હરાજીનું કામકાજ બંધ રહેશે. તેમજ લીબુની જાહેર હરાજી તા. ૨૮-૮ને શુક્રવાર તથા તા.૨૯-૮ને શનિવારના રોજ બે દિવસે બંધ રહેશે. જેની લાગતા વળગતા તમામ વેપારીઓ, ખેડુત ભાઈઓ તથા વાહન માલિકોને નોંધ લેવા જણાવાયું છે.

**મહેસૂલ વિભાગ**

**જાહેરનામું**

**સચિવાલય, ગાંધીનગર,**

**જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

જિલ્લો: ભાવનગર

ક્રમાંક : અમ-મ-૨૦૨૬-૭૪૪-જભવ-૧૪૨૦૨૫-૯૪૭-ચ તારીખ :-૨૮/૦૭/૨૦૨૬

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ ની કલમ-૧૧(૧) હેઠળ બહાર પાડેલ સરકારશ્રીનાં તા.૦૯/૧૦/૨૦૨૫ ના ક્રમાંક: અમ-મ-૨૦૨૫-૭૭૯-જભવ-૧૪૨૦૨૫-૯૪૭-ચ થી રાજ્ય સરકારે એવુ નિર્દિષ્ટ કરેલ જાહેરનામા છે કે, મોજે.કરદેજ, તા.ભાવનગર(ગ્રામ્ય), જિ.ભાવનગરની સદરહું જાહેરનામાંની અનુસૂચિમાં દર્શાવેલ સર્વે નં./બ્લોક નંબર વાળી જમીન "કન્સ્ટ્રક્શન ઓફ ફોરલેનીંગ ઓફ બગોદરા-ભાવનગર સ્ટેટ હાઈવે પ્રોજેક્ટ" ના કામે જાહેર હેતુ માટે જરૂરી છે.

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ ની કલમ-૧૯(૭) થી અપાયેલ સત્તાની રૂએ અને આ અંગે અધિકૃત કરતી બીજી તમામ સત્તાની રૂએ ગુજરાત સરકાર આ કાયદાની કલમ-૧૯(૧) હેઠળ બહાર પાડવાના થતા જાહેરનામાની મુદત ૧૨ મહિના સુધી વધારી આપે છે. આ બાર મહિનાનો સમયગાળો તા.૦૯/૧૦/૨૦૨૬ થી ગણવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

માહિતી-ભાવ-૫૭૦-૨૬

(ડી.બી.નિમાવત)
સરકારના નાયબ સચિવ

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

# પાણીને લગતાં કોઇ પણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઇન નં.૧૯૧૬ નો સંપર્ક કરશો.#

**જાહેર નિવિદા નં.૦૯/ ૨૦૨૬-૨૦૨૭**

**ટેન્ડર આઇ.ડી નં ૩૩૭૧૯૧**

કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.બાંધકામ વિભાગ પાનવાડી પી.ડબ્લયુ.ડી કમ્પાઉન્ડ , પાનવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ ફોન નં.૦૨૭૮-૨૪૨૫૮૪૯ દ્વારા પસવી જુઠા જુથ પા.પુ યોજના હેઠળ ૩૧૫ mm, ૨૫૦ mm, ૧૧૦ mm & ૯૦ mm પીવીસી પાઇપલાઇન નાં કામ તથા અલગ અલગ વ્યાસની પાઇપલાઇન નાં લીકેજ રીપેરીંગનાં કામના ટેન્ડરની અંદાજીત રકમ રૂા.૨૩,૩૪,૩૫૨=૦૦ ટેન્ડર આ.ડી નં ૩૩૭૧૯૧ ,ઓનલાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તા-૩૧/૦૮/૨૦૨૬ સમય ૧૮:૦૦ તથા ફીઝિકલ સબમિશન તા.૦૫/૦૯/૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધી દર્શાવેલ શરતો મુજબ માટે ટુબીડ ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત વેબ સાઇટ https;//gwssb.nprocure.com તેમજ માહિતી ખાતા વેબ સાઇટ www.statenders.com ઉપર જોઇ ફીઝિકલ સબમિશન RPAD/SPEED POST દ્વારા કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.બાંધકામ વિભાગ પાનવાડી પી.ડબ્લયુ.ડી કમ્પાઉન્ડ , પાનવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ ખાતે સબમિશન કરવાનુ રહેશે.હવે પછીના સુધારા ફકત ઓનલાઇન કરવામાં આવશે.

માહિતી-ભાવ-૫૬૮-૨૬

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૪૨૬/૨૦૨૬**
**જન્મ તારીખ ૧૮/૦૮/૧૯૫૮**

**શ્રી ઈશાક યાકુબભાઈ બેલીમ,**
**રહે. જન્નતે ફીરદોસ, વડવા, બાપેસરા, સીદીવાડ,**
**ભાવનગર. મો-૯૨૬૫૧૫૭૪૫૫**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઈશાક યાકુબભાઈ બેલીમએ તેમનો જન્મ તા.૧૮/૦૮/૧૯૫૮ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૪/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૪૨૫/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૬/૦૯/૧૯૭૫**

**શ્રી રોશનબેન હસનભાઈ મલેક,**
**રહે. વડવા, બાપેસરા કુવા, વૈધનાથ મહાદેવવાળો ખાંચો, ભાવનગર.**
**મો-૯૨૬૫૧૫૭૪૫૫, ૮૯૮૦૭૬૨૪૭૪**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રોશનબેન હસનભાઈ મલેકએ તેમના પુત્રી મુમતાઝ હસનભાઈ મલેક નો જન્મ તા.૦૬/૦૯/૧૯૭૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૪/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૪૦૦/૨૦૨૬**
**મરણ તારીખ ૨૦/૦૬/૧૯૭૮**

**શ્રી પ્રદિપસિંહ જગુભા ઝાલા,**
**રહે. ૯૭/બી, નિર્ભય સોસાયટી, અત્રિકૃપા પ્રો સ્ટોર સામે, ચિત્રા,**
**ભાવનગર. મો-૯૫૫૮૬૮૬૯૭૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પ્રદિપસિંહ જગુભા ઝાલાએ તેમના પિતા જગુભા નોઘુભા ઝાલા નું મૃત્યુ તા.૨૦/૦૬/૧૯૭૮ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૮/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**




ભાવનગર આવૃત્તિ **8** તા. ૨૫-૦૮-૨૦૨૬, મંગળવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

LEELA NEWS NETWORK P. LTD

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




# બુટલેગરો સાથે પોલીસ કર્મીઓની મિલીભગતની શંકા અને બેદરકારી સંદર્ભે તપાસ તેજ !

## ભાવનગર એસપી કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે સ્ટેટ મોનીટરીંગ સેલના IGP ગગનદીપ ગંભીર દ્વારા તબક્કાવાર નિવેદનો નોંધાયા; કસૂરવારો સામે કડક પગલાંની શક્યતા, પોલીસ બેડામાં મચ્યો ખળભળાટ








તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૫ ભાવનગરના ચકચારી લઠ્ઠાકાંડમાં ૧૩ નિર્દોષ લોકો મોતને ભેટયા છે, આથી રાજયભરમાં ચકચાર મચી છે તો રાજકારણ પણ ગરમાયુ છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા અત્યાર સુધીમાં તબક્કાવાર ૨૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે હજુ પણ વધુ કેટલાક આરોપીઓના નામ ખુલવાની પ્રબળ સંભાવના છે. બીજી બાજુ, દારૂના આ કાળા કારોબારમાં બુટલેગરો સાથે કેટલાક ચોક્કસ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની મિલીભગત તેમજ ઘોર બેદરકારી હોવાની આશંકાને પગલે હવે SMC દ્વારા તે દિશામાં પણ તપાસનો ધમધમાટ શરૂ કરાયો હોવાની જાણકારી મળી રહી છે.

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, શંકાના આધારે ગત સાંજે પણ કેટલાક પોલીસ અધિકારીઓની પ્રાથમિક પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારબાદ આજે ભાવનગર એસપી કચેરી ખાતે બંધ હોલમાં સંબંધિત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની તબક્કાવાર પૂછપરછ હાથ ધરવામાં આવી છે.બપોરે આશરે ૧૨:૧૫ વાગ્યાથી SMCના IGP ગગનદીપગંભીર પોતે હાજર રહીને આ મામલે સીધું સુપરવિઝન કરી રહ્યા છે અને શંકાસ્પદ પોલીસ કર્મચારીઓને તબક્કાવાર બોલાવીને તેમનાં નિવેદનો નોંધવામાં આવી રહ્યા છે.

હાલ તપાસ ચાલુ હોવાથી ખરેખર કયા પોલીસ અધિકારી કે કર્મચારીની મિલીભગત અથવા નિષ્ફળતા હતી તે અંગે તંત્ર દ્વારા સત્તાવાર રીતે કંઈ કહેવું શક્ય બન્યું નથી. આ મામલે SMCના IGP દ્વારા પણ હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ છેલ્લા બે દિવસથી પોલીસ બેડામાં આ તપાસ ભારે ચર્ચાનો વિષય બની છે અને ખળભળાટ મચ્યો છે. આજે નિવેદનો નોંધાયા બાદ સંભવતઃ SMC દ્વારા સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

# લઠ્ઠાકાંડમાં કેમિકલ સપ્લાયર સહિતના ઝડપાયેલા વધુ ૧૩ આરોપીઓ ૧૦ દિવસના રિમાન્ડ પર, તપાસ માટે SMCની ટીમ MP રવાના

## મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૨૭ આરોપીઓ સળીયા પાછળ

### MPથી ટ્રાન્સફર વોરન્ટ આધારે આનંદ છાડીની ધરપકડ; ઝુબેરની શોધમાં ૩ રાજ્યોમાં SMCના ધામા









તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૫ ભાવનગરમાં સર્જાયેલા વિનાશક અને ચકચારી લઠ્ઠાકાંડ કેસમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કાયદાનો શિકંજો વધુ મજબૂત બનાવાયો છે. ઝેરી કેમિકલના કારણે ૧૩ નિર્દોષ લોકોના મોત અને ૬૦થી વધુ લોકો ભોગ બન્યા બાદ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળના તમામ દર્દીઓને રજા અપાતા રાહત થઈ છે. પરંતુ આ ગુનાહિત નેટવર્કને મૂળમાંથી ઉખાડી ફેંકવા પોલીસે હાલ તો આક્રમક કાર્યવાહી હાથ ધરી છે.

ગઈકાલે SMC દ્વારા વધુ ૧૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, જયારે અગાઉ મુખ્ય આરોપી રઈશ અન્સારી સહિત ૧૪ આરોપીઓ પકડાઈ ચૂક્યા હતા. આ સાથે જ કેસમાં કુલ આરોપીઓની સંખ્યા ૨૭ પર પહોંચી છે. તપાસમાં સૌથી મોટી સફળતા એ મળી છે કે ઝેરી દારૂ બનાવવા મિથેનોલ સહિતનું રો-મટીરિયલ સપ્લાય કરનાર મુખ્ય આરોપી આનંદ રાકેશભાઈ છાડી (રહે. MP) અન્ય ગુનામાં મધ્યપ્રદેશની રાયગઢ જેલમાં હોય, તેની ટ્રાન્સફર વોરન્ટના આધારે ધરપકડ કરી ભાવનગર લાવવામાં આવ્યો છે.

નાસતા ફરતા અન્ય એક મહત્વના આરોપી ઝુબેરને ઝડપવા SMCની ટીમો દિલ્હી, હરિયાણા અને મધ્યપ્રદેશમાં ધામા નાખીને બેઠી છે. બીજી તરફ, કેમિકલની સપ્લાયની કડીઓ મેળવવા જીસ્ઝની એક ખાસ ટીમ મધ્યપ્રદેશ જવા રવાના થઈ છે. ઝડપાયેલા ૧૩ આરોપીઓને ૧૪ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરાતા સરકારી વકીલ ભગીરથસિંહ ચુડાસમાની ધારદાર રજૂઆતો ધ્યાને લઈ કોર્ટે તમામના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. હાલ SMCના IGP ગગનદીપ ગંભીર, DIG વિશાલકુમાર વાઘેલા અને જી મયુરસિંહ ચાવડા પોતે ભાવનગરમાં સ્થળ પર હાજર રહી સીધું સુપરવિઝન કરી રહ્યા છે.

### વધુ ઝડપાયેલા ૧૩ આરોપીના નામ...

આ કેસમાં ઝડપાયેલા આરોપીઓમાં મધ્યપ્રદેશથી મિથેનોલ સપ્લાય કરનાર આનંદ રાકેશભાઈ છાંડી ઉપરાંત અરવિંદ ઉર્ફે પાંડે દિનેશભાઈ સોલંકી, સંજય ઉર્ફે ૪૦૪૦ નાનુભાઈ મકવાણા, નિતીનભાઈ ઉર્ફે મુનો દેવજીભાઈ મોરી, કિશોર ઉર્ફે પોચો છનાભાઈ સોલંકી, મયુર વિનોદભાઈ સોલંકી, સંજયભાઈ દેવજીભાઈ મોરી, મુકેશ ઉર્ફે કચોરી ગોવિંદભાઈ બારૈયા, સંજય ઉર્ફે ચકરમ ધનજીભાઈ બારૈયા, નીર્મલસિંહ ગંભીરસિંહ વાઘેલા, પાર્થરાજસિંહ હરેન્દ્રસિંહ ગોહીલ, સંજય રાવતભાઈ ચાવડા અને ભાગીરથસિંહ સહદેવસિંહ ગોહિલનો સમાવેશ થાય છે.

### બેદરકારી સબબ 2 PI અને 5 કોન્સ્ટેબલ સસ્પેન્ડ, હજુ પણ કેટલાક રડારમાં !

વરતેજમાં સ્થાનિક પોલીસની નાકની નીચે દારૂ બનાવવાની મિની ફેક્ટરી ધમધમતી હોવા છતાં સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ કે જીર્ટ સંપૂર્ણપણે અજાણ કેમ રહી તે સવાલ ચર્ચાસ્પદ બન્યો છે. પોલીસની ઘોર બેદરકારી બદલ ૨ PI અને ૫ કોન્સ્ટેબલોને તત્કાલ અસરથી સસ્પેન્ડ કરાયા છે. આરોપીઓ સાથે પોલીસ કર્મચારીઓની સીધી કે આડકતરી મિલીભગત હતી કે કેમ તે દિશામાં ઢ્ઢ્ઁના આદેશથી હાઈ-લેવલ તપાસ શરૂ કરાઈ છે.ગત સાંજે એસએમસીના આઈજીપી દ્વારા કેટલાક પોલીસ કર્મચારીની પૂછતાછ હાથ ધરાઈ હોવાની વાતો ખુબ ચર્ચામાં આવી છે. જોકે, આ સંદર્ભે હજુ સુધી સત્તવાર વિગતો જાહેર કરાઈ નથી.

## ભાવનગર અને તળાજામાં ડો. પ્રવીણ તોગડિયાનું આગમનઃ સામુહિક હનુમાન ચાલીસા પઠનનું આહ્વાન



આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક ડો. પ્રવીણભાઈ તોગડિયા શ્રાવણ માસ દરમિયાન ૧૧ જિલ્લાના ૭૦ તાલુકાઓમાં પરિભ્રમણ કરવાની ઝુંબેશ હેઠળ ઢ-કેટેગરીની સુરક્ષા સાથે તળાજા અને ભાવનગર આવી પહોંચ્યા હતા. તળાજાની મયુર ઓઈલ મિલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે કાર્યકરોને હિન્દુ સંગઠન અને સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.ડો. તોગડિયાએ જણાવ્યું કે 'ૐ' એ શિવજીનું નામ છે જેમાં અનંત ઊર્જા રહેલી છે. તેમણે ઉમેર્યું કે ચોક્કસ સ્થળે સામુહિક રીતે એકઠા થવું એ કલિયુગમાં ધર્મની તાકાત છે. આથી જ તેમણે તળાજાના વિવિધ મહોલ્લાઓમાં ભાઈ-બહેનોને સામુહિક રીતે હનુમાન ચાલીસાના પઠન કરવા અને પરસ્પર સુખ-દુઃખમાં ભાગીદાર બનવા આહ્વાન કર્યું હતું.

## ભાવનગર અને સોનગઢમાં વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

ભાવનગર,તા.૨૫ ભાવનગરના કર્મચારીનગર , ફુલસર વિસ્તારમાં પેરોલ ફર્લો સ્કવોડે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. આ કામગીરી દરમિયાન ૨૨ વર્ષીય અનિલસિંહ ઠાકુર નામના યુવકને વિદેશી દારૂની ૪૮ બોટલો (કિંમત રૂ. ૬,૯૧૨) અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૧,૯૧૨ના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયો હતો. તપાસમાં સામે આવેલ દારૂનો જથ્થો સપ્લાય કરનાર શકિતસિંહ ગોહીલ સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે.

બીજા બનાવમાં, સોનગઢ ગામના રેલવે સ્ટેશન રોડ પર આવેલા ભગતની વાડી પાસે પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં એક મકાનના વાડામાંથી રૂ. ૫,૦૫૦ની કિંમતની વિદેશી દારૂની ૧૦ બોટલો મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી કુલદિપસિંહ ગોહિલ અને અજયસિંહ ગોહિલની અટકાયત કરી હતી. આ કેસમાં દારૂ સપ્લાય કરનાર નેસડા ગામના વિપુલ ડાંગર સામે પણ પોલીસ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સિહોરમાં હિંદુ ધર્મની લાગણી દુભાવનાર સામે ગુનો નોંધાયો

ભાવનગર, તા.૨૫ સિહોરના વોરાવાડ મોંઘીબાની જગ્યા પોસે રહેતા અસ્લમ આદમભાઈ ડેરૈયા એ ગૌતમેશ્વર તળાવ નજીક જાહેરમાં નમાજ પઢતા વિવાદ થયો છે જેમાં જાણી જોઈને ઈરાદાપૂર્વક દ્વેષપૂર્ણ ઈરાદાથી હિંદુ ધર્મની લાગણીને ઠેસ પહોંચાડયા અંગેની પોલીસ ફરિયાદ સિહોર પોલીસ મથકમાં નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નાથહિલ્સના રસ્તે કારે સ્કૂટરને ટક્કર મારતાં દંપતી ગંભીર રીતે ઘવાયુ

ભાવનગર,તા.૨૫ ભાવનગરના ઘોઘારોડ વિસ્તારમાં રહેતા અનોમિકાબેન મકોડીયા અને તેમના પતિ રાજેશભાઈ મોટરસાયકલ પર માળનાથથી નાથ હિલ જઈ રહ્યા હતા ત્યારે ભંડારીયા ગામ નજીક પુરઝડપે આવતી ક્રેટા કાર જીજે ૦૪ ઈએ ૯૨૯૨ના ચાલકે પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં પતિને માથામાં હેમરેજ સહિત ગંભીર ઈજાઓ થઈ હતી. ઘટના અંગે વરતેજ પોલીસ સ્ટેશનમાં કાર ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### તણસા નજીક ટ્રકે અડફેટે લેતા બાઈકચાલક વૃદ્ધ ગંભીર રીતે ઘાયલ

ભાવનગર,તા.૨૫ ઘોઘા તાલુકાના તણસા ગામ પાસે નાયરા પેટ્રોલ પંપ સામે ભાવનગર- સોમનાથ નેશનલ હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સમઢીયાળા ગામના ૬૫ વષીય ભાનુશંકરભાઈ ભટ્ટ મોટરસાઈકલ લઈને ભાવનગર જઈ રહ્યા હતા, ત્યારે પુરઝડપે આવેલા ટ્રકે (જીજે- ૦૪-એએક્સ-૫૩૮૨) અડફેટે લેતા તેઓને સાથળ અને કાંડાના ભાગે ગંભીર ફેક્ચર સહિતની ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે અકસ્માત સર્જી નાસી છૂટેલા અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## ભાવનગર પરા રેલવે સ્ટેશનનું કેટરિંગ યુનિટ સીલ



ભાવનગર,તા.૨૫ રેલવે બોર્ડ અને પશ્ચિમ રેલવેના પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક તરૂણ જૈન તેમજ વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીના નિર્દેશ હેઠળ ભાવનગર મંડળમાં તમામ કેટરિંગ એકમોનું સઘન સ્વચ્છતા નિરીક્ષણ હાથ ધરાયું છે. આ અભિયાન અંતર્ગત ૨૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વાણિજ્ય અને આરોગ્ય વિભાગની ટીમે ભાવનગર પરા સ્થિત કેટરિંગ એકમનું નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન 'ટી એન્ડ રિફ્રેશમેન્ટ' સ્ટોલના વેન્ડર પાસે માન્ય તબીબી પ્રમાણપત્ર (મેડિકલ સર્ટિફિકેટ) ન હોવાનું સામે આવ્યું હતું.

મુસાફરોના આરોગ્ય અને ખાદ્ય સુરક્ષા સાથે ગંભીર અનિયમિતતા જણાતાં રેલવે તંત્ર દ્વારા ભાવનગર પરાનું આ કેટરિંગ એકમ તાત્કાલિક અસરથી બંધ કરાવવામાં આવ્યું હતું.મંડળ રેલ પ્રબંધક (DRM) દિનેશ વર્માએ તમામ કેટરિંગ સંચાલકો અને વેન્ડરોને રેલવેના નિયમોનું કડકપણે પાલન કરવા અને દસ્તાવેજો અદ્યતન રાખવા સૂચના આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે યાત્રિકોના આરોગ્ય સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. ભાવનગર મંડળ દ્વારા મુસાફરોને સ્વચ્છ અને ગુણવત્તાસભર ખાદ્ય સામગ્રી મળે તે માટે આવા તપાસ અભિયાનો સતત ચાલુ રખાશે.

**સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષા અંગે પશ્ચિમ રેલવેનું સઘન તપાસ અભિયાન; નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે લાલઆંખ**

## ગારીયાધારના સાંઢખાખરા ગામે ગાયો ચરાવવા મુદે કિશોર પર હુમલો

ભાવનગર,તા.૨૫ ગારિયાધારના ખોડવદરી ગામે રહેતા તેજસભાઈ મકાભાઈ ગોરાળાના ૧૩ વર્ષના ભાણિયો માનવિલાસના કેડે પર ઢોર ચરાવી રહ્યો હતો ત્યારે ધર્મેન્દ્રસિંહ હરપાલસિંહ ગોહિલએ અહીં કેમ ઢોર ચરાવે છે તેમ કહી ગાળો આપી જમણા પગે ગોઠણ અને પીડીના ભાગે લાકડી વડે માર મારી ઈજા પહોચાડી હતી.ઈજાગ્રસ્ત કિશોરને તાત્કાલિક ગારીયાધાર સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં કિશોરના મામા તેજાભાઈ મકાભાઈ દોરાળા (રે. ખોડવદરી) હોસ્પિટલ પહોંચ્યા હતા અને ભાણેજ પાસેથી સમગ્ર હકીકત જાણી ગારીયાધાર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨), ૩૫૨ અને ૩૫૧(૩) મુજબ ગુનો નોંધી એએસઆઈ બી.બી. દેસાઈએ વધુ તપાસ હાથ ધરી છે.